# કાશીપુરા કંપા રામજી મંદિરમાં ઉત્સાહપૂર્વક તુલસી વિવાહ ઉજવાયો

બાયડ તા.૧૬

કારતક સુદ ૧૧ અને સોમવાર તા. ૧૫/૧૧/૨૦૨૧ ના રોજ શ્રી રામજીમંદિર, કાશીપુરાકંપા (આકૃન્દ) ખાતે મહંત શ્રી રાધેશ્યામદાસજી મહારાજના સાનિધ્યમાં અદભૂત તુલસી વિવાહનું આયોજન થયેલ હતું. પ.પૂ. મહામંડલેશ્વર શ્રી કેશવદાસજી મહારાજ( શ્રી રામજીમંદિર, સુંદરપુરા) નું રાત્રે ૮.૦૦ કલાકે જાનૈયા સાથે આગમન થયું અને તેમની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

તુલસી વિવાહમાં ભગવાન શ્રીકૃષ્ણ અને માતા રૂક્ષમણીજી ના લગ્ન કરવાની એક આપણી પરંપરા છે. તુલસી વિવાહમાં ભગવાનના માતાપિતા તરીકે એદલપુરા નિવાસી શ્રી ધર્મેન્દ્રભાઈ રવજીભાઈ પટેલ જયારે રુક્ષમણીજીના માતા પિતા તરીકે કાશીપુરાકંપા નિવાસી શ્રી હરેશભાઈ રવજીભાઈ પટેલ પરિવારોને આ સદભાગ્ય સાંપડ્યું હતું. ભગવાનનું મોસાળું શ્રીમતી વૈશાલીબેન યોગેશભાઈ (એદલપુરા) તથા માતાજીનું મોસાળું લઈને શ્રીમતી હંસાબેન અશ્વિનભાઈ પટેલ (કાશીપુરાકંપા) પરિવાર આવ્યો હતો.

સમસ્ત રામજી મંદિર પરિસર અને કાશીપુરાકંપા રાત્રીના સમયે રોશની અને શણગારથી ઝળહળી ઉઠ્યું થતું. કાશીપુરાના બાળકો અને મહિલાઓનું આ પ્રસંગમાં ઉમદા યોગદાન હતું. આજુબાજુના કંપાઓ અને આકૃન્દ સહિતના આસપાસના લોકોએ આ પ્રસંગમાં ઉત્સાહથી ભાગ લીધો અને કાશીપુરા ખાતે ૫૦૦ થી વધુ જનમેદની ઉમટી પડી હતી.





પ.પૂ. મહામંડલેશ્વર કેશવદાસજી મહારાજની હાજરીમાં મહંતશ્રી ગોપાલનાથ બાપુ (ધારેશ્વર મંદિર, વાત્રક), મહંતશ્રી દિનબંધુદાસજી મહારાજ(શ્રી રામજી મંદિર, સિકા) તેમજ શ્રી શાંતિદાસજી મહારાજ, શ્રી જાનકીદાસજી મહારાજ, શ્રી જનકદુલારીજી, શ્રી લક્ષમનદાસજી વગેરે સુંદરપુરાથી તેમજ શ્રી સરલાબેનજી( શ્રી રામજી મંદિર, બાયડ) એમ અનેક સંતો મહંતો ની હાજરી આ પ્રસંગની શોભા વધારી હતી.

ધાર્મિક પ્રોગ્રામમાં કેટલાક રાજકીય આગેવાનોએ હાજરી આપીને ઉત્સાહ વધાર્યો હતો. શ્રી અમરતભાઈ પટેલ (ઉપપ્રમુખ,ધનસુરા તાલુકા પંચાયત), શ્રીમતી ગીતાબેન પટેલ(સરપંચ, નારણપુરા ગ્રા.પંચાયત), શ્રી દિનેશભાઈ( ઉપ સરપંચ, આકૃન્દ પંચાયત), શ્રી હસમુખભાઈ (મંત્રી, આકૃન્દ કેળવણી મંડળ), શ્રી રમણભાઈ પટેલ(પૂર્વ મંત્રી, આકૃન્દ કેળવણી મંડળ) તેમજ આજુબાજુના કંપાઓના વડીલો એ આ પ્રસંગમાં હાજરી આપી હતી. આજુબાજુના કંપાઓનો અગાઉના પ્રોગ્રામમાં ખૂબ સહકાર મળેલ હતો અને આ પ્રસંગમાં પણ હાજર રહીને સહકાર આપ્યો હતો. કાશીપુરા, લક્ષમનપુરા, બાડેરા, નવટાંકી, બોરીયાટીમબા નું જૂથ આવા ધાર્મિક કાર્યક્રમોમાં રંગમાં રંગ લાવી દે તેવું છે.

કાશીપુરાકંપાના વડીલોના માર્ગદર્શન દ્વારા શ્રી રાધેશ્યામદાસજી મહારાજ, મહિલા મંડળ, ગુરુકૃપા યુવક મંડળ, કાશીપુરાએ તુલસી વિવાહનું સુંદર આયોજન કર્યુ હતું.

દર વર્ષે શ્રી રામજી મંદિર આપણી હિન્દૂ સનાતન વૈદિક સંસ્કૃતિને અનુરૂપ વાર તહેવારોનું આયોજન કરશે અને શ્રીરામજી મંદિર, કાશીપુરાકંપા એક 'કાશીધામ' તરીકે ઉપસી આવશે તેવો સંકેત મહંતશ્રી રાધેશ્યામજી દ્વારા મળી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે.

કાશીપુરા ગ્રામજનો વતીથી વિનોદ ભાવાણી એ પ્રસંગમાં હાજરી આપીને શોભા વધારનાર સૌનો આભાર વ્યક્ત કર્યો હતો

## જન્મદિને વધામણી



સંકેત શિડાના
ટીવી રિપોર્ટર
મેહસાણા



અતુલભાઈ પટેલ
બાયડ ગામ



મિથીલ બળવંતભાઈ પટેલ
સ્વામિનારાયણ
સોસાયટી



સચીનભાઈ જોશી
ખેડબ્રહ્મા



પુરવકુમાર પિયુષકુમાર
ગામ ખડોલ, તા,ધનસુરા
જી, અરવલ્લી

# ભિલોડાના માંકરોડા ફાયરીંગ બટ વિસ્તારમાં ૧ ડિસેમ્બર થી ૩૧ ડિસેમ્બર સુધી પ્રતિબંધ

બાયડ તા.૧૬

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ગામમાં ફાયરીંગ બટ આવેલો છે. આ બટમાં અરવલ્લી જીલ્લાના પોલીસ અધિકારી/ કર્મચારીઓનું સને-૨૦૨૧નું વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ કરવાનું હોઈ પોલીસ અધિક્ષકશ્રી,અરવલ્લી મોડાસા દ્વારા તા.૩૦ ઓક્ટોબર ૨૦૨૧નું મંજુરી પત્ર આપેલ છે.

જે અંતર્ગત આ બટ વિસ્તારની હદમાં રહેતા આજુબાજુનાં પ્રજાજનોની સલામતી જાળવવા ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ અન્વયે તા. ૧ ડિસેમ્બર થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધી અમલમાં રહેશે.

જેથી શ્રી ડૉ.નરેન્દ્રકુમાર મીના, જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૪) થી મળેલ સત્તાની રૂએ અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ખાતેના બટમાં અરવલ્લી જીલ્લાના પોલીસ અધિકારી/કર્મચારીઓનું સને-૨૦૨૧નું વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટિસ કરવાની હોઈ ઉક્ત બટ વિસ્તારની આજુબાજુની વ્યકિતઓએ ઉપરોકત જમીનની આજુબાજુ ૧.૬ કી.મી. ની ત્રિજયાના વિસ્તારમાં તા. ૧ ડિસેમ્બર થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધી સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પ્રવેશ કરવો નહિં તથા ઉકત વિસ્તારમાં દર્શાવેલ દિવસો અને સમયે ઢોર ઢાંખર લઈને પ્રવેશ કરવો કે કરાવવો નહીં.

તેમજ જાહેરનામાં બાબતે પોલીસ ખાતા દ્વારા આ જાહેરનામાથી સ્થાનિકો અવગત થઈ શકે તથા અકસ્માત નિવારી શકાય તે માટે પ્રચાર બોર્ડ મુકવા તથા ફાયરીંગના સમય દરમિયાન ચોકી/નાકાબંધી કરવાની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઉકત કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. તથા ક્ષેત્રાધિકારી ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રીને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે અને બિન અધિકૃત પ્રવેશથી જો કોઈ નુકશાન થશે તો કોઈ પણ પ્રકારના વળતરને પાત્ર રહેશે નહિ.

### ધનસુરા તાલુકાના ભેંસાવાડા ગામના નિવૃત્ત આર્મી મેનની અનોખી સેવા

# નિવૃત્ત આર્મી મેન પોલીસ અને પી.એસ.આઇની તૈયારી કરતા ૩૦ થી વધુ યુવાનોને નિઃશુલ્ક માર્ગદર્શન આપે છે

**નિવૃત્ત આર્મી મેન ૩૦ થી વધુ યુવાનોને નિઃશુલ્ક માર્ગદર્શન આપે છે**

ધનસુરા, તા. ૧૬

ધનસુરા તાલુકાના ભેંસાવાડા ગામ ના વતની સંજયભાઈ વાળંદમાં ભોમ ની રક્ષા કરી આર્મીમાંથી હાલ ફરજ પર થી નિવૃત્ત થયેલ છે તેમની હંમેશા દેશ માટે કંઈક કરી છૂટવાની ભાવના હોવાથી તેઓ ફરજ પર થી નિવૃત્ત હોવા છતાં હાલ ૩૦ થી વધુ યુવાનો ને પી.એસ.આઈ અને પોલીસ સહિત ની વિવિધ ભરતી માટે માર્ગદર્શન આપે છે જયાં ધનસુરા અને આજુબાજુ ના ગામના યુવાનો માર્ગદર્શન મેળવી રહ્યા છે પી.એસ.આઇ અને પોલીસ ની ભરતી ની તૈયારી કરતા યુવાનો માટે તેઓ એક આશીર્વાદરૂપ સાબિત થયાં છે ધનસુરા ગામ નજીક સંજયભાઇ,ગૌતમ ભાઈ અને





બીજા યુવાનોએ મળી જાતે ગ્રાઉન્ડ તૈયાર કર્યુ છે તેઓ ત્યાં લગભગ ૩૦ થી વધુ યુવાનો ને દોડ માટેનુ માર્ગદર્શન પૂરું પાડે છે વહેલી સવારે ૫.૪૫ એ દોડ સાથે વિવિધ પ્રકારની કસરત પણ કરાવે છે જેથી યુવાનો આસાની થી દોડ પૂરી કરી શકે છે તેઓ આ સેવા નિઃશુલ્ક પુરી પાડે છે સાથે દરેક યુવાન ની કાળજી લઈ સાથે દોડી દોડ પૂરી કરાવે છે તેમના દ્વારા તૈયાર થયેલા યુવાનો માં કેટલાય યુવાનો ૨૦ મિનિટ ની અંદર ૫ કિલોમીટર ની દોડ આસાની થી પુરી કરી દે છે એમણે કોઈપણ જાતના ભેદભાવ વગર મફત સેવા યજ્ઞ શરૂ કર્યો છે એ માટે સમસ્ત ધનસુરા ગામ અને આજુબાજુ ના ગામના યુવાનો તેમના ઋણી રહેશે

# અરવલ્લીમાં ખેડૂતોને પાકની વૃધ્ધિ માટે ૧૪,૮૩૦ મેટ્રિક ટન રાસાયણિક ખાતર ઉપલબ્ધ કરાયું

બાયડ તા.૧૬

અરવલ્લી જીલ્લાના ખેડૂતોને ચાલુ રવિ ઋતુ માટે પોતાના પાકની વૃધ્ધિ માટે રાસાયણિક ખાતર ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. હાલ ઓકટોમ્બર તેમજ નવેમ્બર-૨૦૨૧ મહિનાની તા.૧૬ નવેમ્બર સુધીમાં જુદી જુદી કંપનીઓ દ્વારા જેવી કે ડી.એ.પી. ૩૭૫૦, એમ.ઓ.પી. ૨૩૭૦, યુરીયા ૩૭૬૦ તથા એન.પી/એન.પી.કે. ૪૯૫૦ મેં. ટન એમ કુલ ૧૪,૮૩૦ મેટ્રિક ટન ખાતર સપ્લાય કરવામાં આવ્યુ છે.

**રાસાયણિક ખાતર વેચાણ દરમ્યાન ફરજીયાત પણે ખેડૂતોને POS મશીન મારફતે જ ખાતરનું વેચાણ કરાશે**

જેથી દરરોજ ૧૫૦થી ૨૫૦ મેં.ટનની સપ્લાય ચાલુ છે. આથી ખેડૂતોએ ચિંતા કરવી નહી અને જરૂર મુજબ ખાતરની ખરીદી કરે તેમજ ખાતર વિક્રેતા કરનાર વેપારી/પેઢી/સંસ્થાઓને ભારપૂર્વક જણાવવાનું કે, રાસાયણિક ખાતર વેચાણ દરમ્યાન ફરજીયાત પણે ખેડૂતોને POS મશીન મારફતે જ ખાતરનું વેચાણ કરે. આ ઉપરાંત ખાતર, બિયારણ અને જંતુનાશક દવાની ગુણવતા કે વેચાણ અંગે કોઈ શંકા કે સંશય હોય તો તરત જ નજીકમાં તાલુકા કક્ષાએ ખેતીવાડી અધિકારી તેમજ જિલ્લા કક્ષાએ મદદનીશ ખેતી નિયામક (ગુ.નિ.)/ નાયબ ખેતી નિયામક (વિ.), અરવલ્લી, મોડાસા કચેરીના ટેલીફોન નં. ૦૨૭૭૪ (૨૫૦૧૯૪) ઉપર કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવા જણાવવામાં આવે છે. એમ અરવલ્લી નાયબ ખેતી નિયામક કચેરીની અખબારી યાદીમાં જણાવાયું છે.

# બનાસકાંઠામાં ૮૬૩૯ બાળકો અને ૧૦૯૮ કિશોરીઓ કુપોષિત

**સૌથી વધુ ૧૦૪૨ કુપોષિત બાળકો અમીરગઢ અને ૩૭૫ અતિ કુપોષિત બાળકો પાલનપુર નોંધાયા : જિલ્લામાં બાળકોની કુપોષણની પીડાને ડામવામાં તંત્ર સરેઆમ નિષ્ફળ નીવડ્યું**

પાલનપુર તા.૧૬

સરકાર દ્વારા કુપોષણને નાબૂદ કરવા માટે સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે તો બીજી બાજુ સરહદી બનાસકાંઠા જિલ્લામાં તંત્રની લાપરવાહીના કારણે નાના બાળકો અને કિશોરીઓમાં કુપોષણનું પ્રમાણ વધી રહ્યું છે જિલ્લા માં હાલ ૮૩૩૭ નાનાં ભૂલકા અને ૧૦૯૯ કિશોરીઓ કુપોષણની પીડાથી પીડાઈ રહી છે ત્યારે સરકાર અને તંત્ર ની કુપોષણ નાબૂદ કરવાની કામગીરી માત્ર ચોપડે ચાલી રહી હોવાનું ફલિત થઈ રહ્યું છે

બનાસકાંઠામાં કુપોષણ થી પીડાતા બાળકોના આંકડા માં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે તંત્ર દ્વારા જિલ્લાને કુપોષણ મુક્ત બનાવવા માટે તંત્ર દ્વારા માઈક્રોપ્રાલિંગ કરવામાં આવ્યું હોવાના દાવા કરવામાં આવી રહ્યા છે ત્યારે કુપોષણના ચોકવનારા આંકડામાં ૯૭૨૭ નાના બાળકો અને કિશોરીઓ કુપોષણ નો શિકાર બની છે જેમાં જિલ્લામાં ૬૩૧૩ કુપોષિત અને ૨૩૨૩ અતિ કુપોષિત બાળકો તેમજ ૧૧ થી ૧૮ વર્ષ ની ૧૦૯૯ કિશોરીઓ કુપોષિત હોવાનું તંત્રના રેકર્ડ પર નોંધાયું છે જેમાં અમીરગઢ તાલુકા માં સૌથી વધુ ૧૦૪૨ કુપોષિત બાળકો નોંધાયા છે તો પાલનપુર તાલુકા માં સૌથી વધુ ૩૭૫ અતિ કુપોષિત બાળકો નોંધાયા છે જયારે કિશોરીઓ ની વાત કરવામાં આવે તો થરાદ તાલુકાના ૩૧૨ કિશોરીઓ કુપોષણ થી પીડાઈ રહી છે જોકે બનાસકાંઠા જિલ્લામાં કુપોષણ ને નાબૂદ કરવા માટે વર્ષે દહાડે વિવિધ દિવસ ની ઉજવણી ઓ કરી લાખો રૂપિયા નો ખર્ચ કરવામાં આવી રહ્યો છે તેમ છતાં કુપોષણ અંકુશમાં ન આવતા જિલ્લામાં તંત્રની લાપરવાહીના કારણે કુપોષણ નામની પીડા નાના ભૂલકા અને કિશોરીઓ માટે શ્રાપ બની રહી છે ત્યારે સરકાર દ્વારા બનાસકાંઠા જિલ્લાને સંપૂર્ણ કુપોષણ મુક્ત બનાવવા ખાસ એક્શન પ્લાન ઘડી મહા અભિયાન હાથ ધરવામાં આવે તે જરૂરી બન્યું છે

### તાલુકા દીઠ કુપોષણના આંકડા

| તાલુકો. | કુપોષિત. | અતિ કુપોષિત | કિશોરી |
|---|---|---|---|
| અમીરગઢ | ૧૦૪૨ | ૨૯૩ | ૨૭૭ |
| કાંકરેજ | ૬૦૫ | ૨૨૯ | ૬૩ |
| ડીસા | ૫૪૪ | ૨૩૦ | ૪૨ |
| થરાદ | ૧૦૧૬ | ૨૫૮ | ૩૧૨ |
| દાંતા | ૪૬૦ | ૨૪૯ | ૧૧૯ |
| દાંતીવાડા | ૨૫૩ | ૬૨ | ૦૮ |
| દિયોદર | ૨૧૨ | ૮૩ | ૦૯ |
| ધાનેરા. | ૨૭૧ | ૯૮ | ૦૯ |
| પાલનપુર | ૬૯૯ | ૩૭૫ | ૮૬ |
| ભાભર | ૨૦૩ | ૫૩ | ૦૪ |
| લાખણી | ૧૨૫ | ૪૧ | ૨૩ |
| વડગામ | ૬૭૮ | ૨૬૯ | ૭૧ |
| વાવ | ૧૬૧ | ૬૧ | ૭૫ |
| સુઈગામ | ૪૪ | ૨૫ | ૦૧ |
| કુલ. | ૬૩૧૩ | ૨૩૨૪ | ૧૦૯૯ |



### વાવના મહિલા ધરાસભ્યે મંચ પરથી મર્યાદા જાળવી

# સામાજિક પ્રથા અને વડીલોની મર્યાદા જાળવવા ગેનીબેન ઠાકોરે લાજ કાઢી ભાષણ આપ્યું

**ધારાસભ્ય ગેનીબેને સાસરીમાં મર્યાદા જાળવી ઘૂંઘટમા પ્રવચન કર્યુ**

પાલનપુર, તા. ૧૬

બનાસકાંઠાના મહિલા ધારાસભ્ય ગેનીબેન ઠાકોરનો લાજ મર્યાદા જળવતો વધુ એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે જેમાં દિયોદર તાલુકાના કોતરવાડા ગામે ગેનીબેન ઠાકોરે પોતાની સાસરી હોવાથી અહીં લાયબ્રેરીના ઉદ્‌ઘાટન પ્રસંગે તેમણે સમાજની સામાજિક પ્રથા અને વડીલોની મર્યાદા જાળવવા જાહેર મંચ પર ઘૂંઘટમાં ભાષણ આપી રહ્યા હોવાનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે.



બનાસકાંઠા ગ્રામીણ વિસ્તારોમાં લાજ મર્યાદા ની પરંપરા આજે પણ અંક બંધ છે અહીં મહિલા પોતાના વડીલોનો માન મોભો જાળવવામાં કોઈ કસર છોડતા નથી જે પ્રણાલી ને અનુસરી વાવના મહિલા ધારાસભ્ય તક મળે ત્યાં વડીલોની મર્યાદા જાળવવા નું ભૂલતા નથી સામાન્ય રીતે અંતરિયાળ અને ગ્રામીણ વિસ્તારોમાં લોકો સામાજિક રીતરિવાજ અને પરંપરાને આજે પણ એટલું જ મહત્વ આપે છે જેમાં દિયોદર તાલુકાના કોતરવાડા ગામે વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરના હસ્તે લાઈબ્રેરીનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાયો હતો. આ કોતરવાડા ગામ ગેનીબેન ઠાકોરની સાસરી હોવાથી કાર્યક્રમની સાથે સાથે વડીલોની મર્યાદા અને પરંપરા પણ ધારાસભ્યએ જાળવી હતી આ જાહેર કાર્યક્રમમાં ગેનીબેન ઠાકોરે ઘૂંઘટમાં જ ભાષણ આપ્યું હતું. આમ ઘૂંઘટમાં ભાષણ આપી તેમણે સામાજિક રીતરિવાજ, પરંપરા અને વડીલોની મર્યાદા જાળવી હતી ઘૂંઘટમાં ધારાસભ્યએ આપેલો ભાષણનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

**સાસરીમાં વડીલોની મર્યાદાની પરંપરા જાળવી**

વાવના મહિલા ધારાસભ્ય ગેનીબેન ઠાકોરનું સાસરું દિયોદર તાલુકાના કોતરવાડા ગામે આવેલું છે જોકે સાસરીમાં લાઈબ્રેરીના ઉદ્‌ઘાટન પ્રસંગ માં તેઓ મુખ્ય મહેમાન હોઈ અને મંચ પર થી બોલવાનું હોય ત્યારે સામે બેઠેલા વડીલો ની મર્યાદા પણ જાળવવાની હકી ગેનીબેન ઠાકોરે ઘૂંઘટમાં ભાષણમાં આપ્યું હતું.

**ગ્રામીણ વિસ્તારોમાં લાજ મર્યાદાનું વિશેષ મહત્વ**

હિન્દૂ સંસ્કૃતિમાં મર્યાદા ને મહાન ગણવામાં આવે છે જેમાં ખાસ મહિલા ઓ સામાજિક મર્યાદાની પરંપરા જાળવી જાહેરમાં વડીલોની મર્યાદા જાળવવા લાજ તેમજ ઘૂંઘટ રાખતી હોઈ છે એમનું માનવું છે કે ઘૂંઘટ એ તેમની મર્યાદા છે

# ડીસા ખાતે બિરસા મુંડાની જન્મ જયંતી ઉજવાઈ

ડીસા, તા. ૧૬

સમગ્ર ભારતભરમાં ક્રાંતિકારી વીર બિરસા મુંડાની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં આજે ડીસા ખાતે એકલવ્ય યુવા સંગઠન દ્વારા ડીસા હિન્દૂ ધર્મશાળા ખાતે ક્રાંતિકારી ધરતી બાબા ભગવાન ગણાતા વીર બિરસા મુંડાની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ડીસા ખાતે કાર્યરત એકલવ્ય યુવા સંગઠન દ્વારા ડીસા ખાતે આવેલ હિન્દૂ ધર્મશાળા ખાતે આદિવાસી ભીલ સમાજના યુવાનો ભેગા થઈ બિરસા મુંડાની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.તેમજ આજ ના દિવસે સમાજમાં જાગૃતિ લાવવા તેમજ શિક્ષણમાં સમાજ પ્રગતિ કરી આગળ આવે તેવું આહવાન કરવામાં આવ્યું હતું. ખાસ કરીને દરેક સમાજની હરોળ માં ભીલ આદિવાસી સમાજ પ્રગતિ કરે તેવી આજના દિવસે અપીલ કરવામાં આવી હતી.તેમજ ૯ ઓગસ્ટના દિવસે વિશ્વ આદિવાસી દિવસ નીમિતે આદિવાસી ભીલ સમાજના યુવા મિત્રોએ ડીસા ખાતે જે બ્લડ ડોનેટ કર્યું હતું.તેમનું આજે વીર બિરસા મુંડાના જન્મ જયંતી દિવસે સન્માન પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.



# બનાસકાંઠા એસ.ટી.વિભાગને દિવાળી ફળી આવકમાં ગુજરાતમાં બીજા નંબરનું સ્થાન પ્રાપ્ત કર્યુ



પાલનપુર તા. ૧૬

આ અંગે એસ.ટી.ટ્રાફિક વિભાગ ના સુપરવાઈઝર દિપકભાઈ નાયક એ જણાવ્યુ હતુ કે. પાલનપુર એસ.ટી.ડીવિઝન દ્વારા દિવાળીના તહેવારોને ધ્યાને રાખી જે વિસ્તારોમાં મુસાફરોનો ઘસારો વધુ જણાતો હોય તેવા વિસ્તારોમાં એસ.ટી.બસોની એક્સ્ટ્રા ટ્રીપો દોડાવી તેમજ રૂટીન ટ્રીપો મળી તહેવાર ના બે દિવસ મા કુલ ૩૧૧૨ ટ્રીપો કરી ૨૮૭૮૪૭ મુસાફરોને પોતાના નિયત સ્થળે પહોચાડી રૂ.૧૪,૯૧,૪૧૫૯ આવક મેળવી ગુજરાતમાં દ્રીતિય નંબર પ્રાપ્ત કર્યો છે.જેના પગલે બનાસકાંઠા એસ.ટી. વિભાગીય નિયામક કિરીટભાઈ ચૌધરીએ તમામ અધિકારીઓ તેમજ કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન
મહાદાન